# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080



## સંક્ષિપ્ત સમાચાર

### દેલોલ મિત્ર મંડળ દ્વારા શરદ પૂર્ણિમા ઉત્સવ: ગીત-સંગીતની રમઝટ અને દૂધ-પૌઆના આસ્વાદ સાથે ઉજવણી



**કાલોલ** : વડોદરા શહેરમાં છેલ્લા ૨૬ વર્ષથી સક્રિય 'દેલોલ મિત્ર મંડળ' દ્વારા કમાટીબાગ ખાતે શરદ પૂર્ણિમા નિમિત્તે વાર્ષિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંડળ દ્વારા વર્ષમાં બે મુખ્ય પ્રોગ્રામો યોજવામાં આવે છે, જેમાં શરદ પૂર્ણિમાનો આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે.આ આનંદોત્સવમાં દેલોલ ગામના મોટી સંખ્યામાં વતનીઓ અને પરિવારજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ખાસ વિશેષતા એ રહી કે ઉપસ્થિત સૌએ મધુર ગીત-સંગીતના કાર્યક્રમની સાથે અદભુત મનોરંજન માળ્યું હતું. આ સાથે જ, મંડળમાં જોડાયેલા નવા સભ્યોએ પોતાનો પરિચય આપીને સૌની સાથે હૂંફાળો પરિચય કેળવ્યો હતો.

### શ્રી દશાલાડ સમાજ ટ્રસ્ટ, કાલોલ, વડોદરા દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે ભવ્ય ગરબા મહોત્સવ



**કાલોલ:** શનિવારના રોજ શ્રી દશાલાડ સમાજ ટ્રસ્ટ, કાલોલ, વડોદરા દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે કારેલીબાગ સ્થિત દાજી બ્રહ્મભટ્ટ છાત્રાલય (જીવનભારતી સ્કૂલની સામે, આર્યકન્યા રોડ) ખાતે ભવ્ય ગરબા મહોત્સવ તથા હાઉસિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન શ્રી દીપકભાઈ દ્વારા હાઉસિંગ પ્રોગ્રામ યોજાયો હતો અને આમંત્રિત મહેમાનો અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૬:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન મલ્હાર કલાવૃંદ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

### છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના બિનહરીફ નવનિયુક્ત હોદ્દેદારોનો સન્માન



**છોટાઉદેપુર:** ઇકોયુનિટી ટ્રાયબલ પ્રોગ્રેસ ઇનિશિયેટિવ ટ્રસ્ટ, છોટાઉદેપુર દ્વારા તાજેતરમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં બિનહરીફ વરાયેલા તમામ નવનિયુક્ત જિલ્લા પ્રમુખ સહિતના હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો હતો. સમારોહમાં જિલ્લા શિક્ષક સંઘના નવનિયુક્ત પ્રમુખ માધુભાઈ રાઠવા, છોટાઉદેપુર તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ જગદીશભાઈ રાઠવા, કવાંટ તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ શનિયાભાઇ રાઠવા,સિનિયર ઉપપ્રમુખ હિમાંશુભાઈ રાઠવા, કદવાલ તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ ભાવસિંગભાઈ રાઠવા, બોડેલી ઘટક સંઘના રામદાસભાઈ રાઠવા, નટવરસિંહ ચૌહાણ સહિત છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખો અને તમામ હોદ્દેદારોએ ઉત્સાહભેર ઉપસ્થિતિ નોંધાવી હતી.

### છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા રાષ્ટ્રીય મોટરસાયકલ રેલીનું સ્વાગત કરાયું



**છોટાઉદેપુર:** ડ્રગ્સ સામે જનજાગૃતિ ફેલાવવા અને નશામુક્તિનો સંદેશ લોકો સુધી પહોંચાડવાના હેતુથી યોજાયેલી રાષ્ટ્રીય મોટરસાયકલ રેલીનું છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં દેશના વિવિધ રાજ્યોના CRPFના જવાનો મોટરસાયકલ સાથે જોડાયા હતા. આ પ્રસંગે એસ.એન. કોલેજ ખાતે જનજાગૃતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં ઉપસ્થિત સૌએ નશામુક્તિ અંગેના શપથ લઈને સમાજને નશામુક્ત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

### બોડેલીના ઢોકલીયા ખાતે જલિયાણ હાર્ડવેરના ઉદ્ઘાટન પ્રસંગે 'મન કી બાત'નું સામૂહિક નિદર્શન



**બોડેલી** : બોડેલીના ઢોકલીયા ખાતે જલિયાણ હાર્ડવેરના ભવ્ય ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું સામૂહિક નિદર્શન યોજાયું હતું. આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા અને સંખેડાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી સહિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ સાથે મળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું નિદર્શન કર્યું હતું.

### વહેલી સવારથી મહાકાળી માતાજીનાં દર્શન માટે શ્રદ્ધાળુઓ ઉમટ્યા, મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા

# પાવાગઢમાં રવિવાર અને પૂનમના સંયોગે માઈભક્તોનુ ઘોડાપૂર

**યાત્રિકોની** સુરક્ષા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, આવતીકાલે પણ મોટી ભીડની સંભાવના





(પ્રતિનિધિ) હાલોલ તા.25

રવિવાર અને પૂનમના પવિત્ર સંયોગને લઈને શ્રીમહાકાળી માતાજીનાં દર્શન માટે યાત્રિકોની ભારે ભીડ જોવા મળી હતી યાત્રિકોની સુરક્ષા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તંત્ર તરફથી ખડે પગે સેવા આપી રહ્યો હતો.

પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આજે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. રવિવાર અને પૂનમના પવિત્ર સંયોગને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન કરવા માટે પાવાગઢ પહોંચ્યા હતા. મંદિરનાં દ્વાર ખુલતાંની સાથે જ યાત્રિકો દર્શન માટે ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયું હતું.

આજે રવિવાર હોવાની સાથે પૂનમની તિથિ ગણવામાં આવતી હોવાથી માતાજીનાં દર્શનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંગળા આરતીમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. માતાજીની આરતી અને દર્શનનો લાભ લેવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓએ મા મહાકાળીનાં દર્શન કરી શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી અને પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ તથા સુખાકારી માટે માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

પાવાગઢ ખાતે પૂનમના દિવસોમાં દર વખતે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ વખતે રવિવાર અને પૂનમના સંયોગને કારણે યાત્રિકોની અવરજવરમાં વધારો જોવા મળ્યો હતો. મંદિર પરિસર તેમજ દર્શન માટેના માર્ગો પર ભક્તોની મોટી ચહલપહલ જોવા મળી હતી.

યાત્રિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ પ્રકારની અગવડતા ન પડે, વ્યવસ્થા જળવાઈ રહે અને ભક્તો શાંતિપૂર્ણ માહોલમાં માતાજીનાં દર્શન કરી શકે તે માટે સુરક્ષા વ્યવસ્થા પર ધ્યાન આપવામાં આવ્યું હતું. નોંધનીય છે કે આવતીકાલે પણ પૂનમની તિથિને લઈને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પાવાગઢ પહોંચે તેવી સંભાવના છે. આમ, આજે અને આવતીકાલે એમ બે દિવસ પાવાગઢ યાત્રાધામ ખાતે યાત્રિકોની ભારે ભીડ જોવા મળી શકે છે. ભક્તોમાં માતાજીનાં દર્શનને લઈને ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ છવાયેલો છે.

## અધરતાલ જીવ: NH-48 પર ટ્રકની કેબિન પર બેસીને જોખમી મુસાફરી



■ વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પરથી એક અત્યંત બેદરકારીભર્યો અને ભયજનક કિસ્સો સામે આવ્યો છે. અહીં દોડતી ટ્રકની કેબિન ઉપર ખુલ્લામાં બેસીને લોકો જીવના જોખમે મુસાફરી કરતા નજરે પડ્યા હતા. હાઈવે પર વાહનોની ભારે અવરજવર વચ્ચે અચાનક બ્રેક વાગે કે સામાન્ય અકસ્માત પણ સર્જાય, તો કેબિન પર બેઠેલા લોકો નીચે પટકાઈને ગંભીર ઈજા કે જાન ગુમાવી શકે છે. આવી રીતે જીવના જોખમે મુસાફરી કરવી એ માત્ર પોતાના માટે જ નહીં પરંતુ રસ્તા પર ચાલતા અન્ય વાહનચાલકો માટે પણ ભારે જોખમ ઊભું કરે છે. સુરક્ષિત મુસાફરી માટે ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવું અનિવાર્ય છે.

## સંજેલી શિક્ષક સંઘના પ્રમુખ પદે ભરત ચારેલ વિજેતા

(પ્રતિનિધિ) દાહોદ તા 25

સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં પ્રમુખ પદે ભરત ચારેલ અને મહામંત્રી પદે દિનેશ ભુરીયાએ વિજય મેળવ્યો છે. બંને હોદ્દેદારોની જીતને પગલે તાલુકાના શિક્ષક આલમમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શિક્ષકમિત્રો દ્વારા બંને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. નવા હોદ્દેદારો શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા, તેમના હિતોનું રક્ષણ કરવા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા સક્રિય કામગીરી કરશે તેવી શિક્ષકોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. બંનેના નેતૃત્વમાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષકોના પ્રશ્નોને યોગ્ય મંચ પૂરું પાડવા સાથે શિક્ષણ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## કવાંટ નગરમાંથી બાઈક ચોરી કરતા તસ્કરો CCTVમાં કેદ




(પ્રતિનિધિ) ક્વાંટ તા.25

કવાંટ નગરમાં આજે સવારે 4:30 કલાકે બાઈક ચોરીની ઘટના બની છે. બજાર વિસ્તારમાં શાળા નંબર 2 નજીક બજરંગ ફોટો સ્ટુડિયો પાસે પાર્ક કરેલી બાઈકનું લોક તોડીને તસ્કરો બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. CCTV ફૂટેજમાં જોવા મળ્યા મુજબ, ત્રણ જેટલા ઈસમો બીજી બાઈક પર આવ્યા હતા અને પાર્ક કરેલી બાઈકનું લોક તોડીને ત્રણેય તસ્કરો બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. ત્યારે નગરમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, કવાંટ APMC માં ભરાતું શાક માર્કેટ સાંજના 10 વાગ્યાથી શરૂ થઈને સવારે 7 વાગ્યા સુધી ચાલુ રહે છે. જેની આડમાં આવા તસ્કરોને ચોરી કરવાનો મોકો મળી જાય છે. લોકો દ્વારા રાત્રીના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરવામાં આવી રહી છે.

## સાવલી ખાતે જામીયા મદારૂલ ઉલુમમાં નોલેજ સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધિ) સાવલી તા.25

સાવલીના ગોઠડા ગામ નજીક કરચિયા રોડપર આવેલ ઈસ્લામિક શૈક્ષણિક સંસ્થા જામીયા મદારૂલ ઉલુમમાં સ્પર્ધા યોજાઈ હતી જેમાં તાલુકાના મદરસાઓમાં ઈસ્લામિક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પૂરું પાડવા ઈસ્લામિક નોલેજ સ્પર્ધાનું આયોજન કરાયુંહતું જેમાં તાલુકાના 17 વિદ્યાર્થીઓ એ પોતાની શૈલીમાં વક્તવ્ય રજૂકર્યુ હતું નિર્ણાયક ગણએ વિજેતા સહિત ને રોકડ અને પ્રોત્સાહન માટે ઈનામ વિતરણ કરાયું હતું આ કાર્યક્રમમાં મોલાના અઝહરૂદિન સૈયદ અબુલ કલામ મોલાના અઝહરઅલી મોલાના એહમદહુસેન, મોલાના ફેસલ, તેમજ સૈયદ સકીલઅલી, સૈયદ આસીકઅલી, સૈયદ સાજીદ અલી, ગોઠડા સહિત પંથકના અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા સમગ્ર કાર્યક્રમ નું આયોજન સૈયદ અસગરઅલી બાવા સાહેબે કર્યું હતું.

## નવાંનગરમાં દુકાનમાં આગ, 14 લાખનું નુકસાન

(પ્રતિનિધિ) દાહોદ તા.25

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવાંનગર ગામમાં દુકાનમાં આગ લાગતાં દુકાનમાલિક ભૂરિયા વિજયભાઈ દલસિંગભાઈને મોટું આર્થિક નુકસાન થયું છે. આગમાં દુકાનમાં રાખેલો આશરે રૂ.9 લાખનો સામાન, ચાંદીનાં ઘરેણાં અને રૂ.5 લાખની રોકડ રકમ બળીને ખાખ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. આગની ઘટનામાં કુલ રૂ.14 લાખ જેટલું નુકસાન થયું છે. દુકાનમાં રાખેલો સામાન, ઘરેણાં અને રોકડ રકમ આગની ઝપેટમાં આવતાં દુકાનમાલિકને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી. નુકસાનની ચોક્કસ રકમ તપાસ બાદ સ્પષ્ટ થશે. અસરગ્રસ્ત દુકાનમાલિકને યોગ્ય સહાય મળે તેવી માંગ ઊઠી છે.

### સાફ-સફાઈ, ઉતારા અને સલામતીની વ્યવસ્થા કરવામાં આવી

## શ્રીપોર ટીંબીમાં છઠ પૂજા માટે તળાવ પર સુવિધાઓ ઊભી કરાઈ



(પ્રતિનિધિ) વાઘોડિયા તા.25

શ્રીપોર ટીંબી ગામે સોસાયટી વિસ્તારમાં વસતા ઉત્તર ભારતીય સમુદાયના લોકો માટે લોક આસ્થા સંસ્કૃતિના મહાપર્વ છઠ પૂજાની ઉજવણી સુગમ બને તે હેતુથી ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા તળાવ ખાતે તાત્કાલિક ધોરણે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.છઠ પૂજા દરમિયાન વ્રતીઓ અને શ્રદ્ધાળુઓને સૂર્ય ને અર્ધ્ય અર્પણ કરવામાં અને છઠ પૂજા વિધિમાં કોઈ અગવડ ન પડે તે માટે સ્થાનિક તળાવમાં ઉતારા, સાફ - સ ફાઈ અને સલામતી સહિતની વ્યવસ્થા તાકીદે પૂર્ણ કરવા વાઘોડિયા તાલુકા ભાજપ પ્રમુખ જૈમીનભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ જયાબેન વસાવા, મહા મંત્રી વિક્રમસિંહ ચૌહાણ, ગામના સ્થાનિક આગેવાનો, કોન્ટ્રાકટર અને સરપંચ કમલેશ ભાલીયા સહિત ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા હાજર રહ્યા હતા.તેવોએ અધિકારી અને કોન્ટ્રાક્ટરને વ્યવસ્થિત કામગીરી પૂર્ણ કરવા સુચના આપી હતી. અહીં વસતા સ્થાનિક ઉત્તર ભારતીય પરિવારોની રજૂઆતને ધ્યાને લઈ ત્વરિત કામગીરી ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાઘેલાના કરાવતા છઠ પૂજા સંપન્ન કરવી સરળ બનશે.

## વડોદરા ભાજપ કાર્યાલયમાં 'મન કી બાત'નું સામૂહિક પ્રસારણ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

શહેરના કારેલીબાગ સ્થિત ભાજપના મહાનગર કાર્યાલય 'કમલમ્' ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત'ના 139મા એપિસોડનું સામૂહિક પ્રસારણ યોજાયું હતું. કાર્યક્રમમાં ઈનોવેટર્સ, સંશોધકો અને સ્ટાર્ટઅપ શરૂ કરનારા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના 1300થી વધુ બૂથ પર પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, પ્રસારણ બાદ યુવાનો સાથે સંવાદ યોજાયો હતો. તેમાં સ્ટાર્ટઅપની તકો, નવીન સંશોધનો, ઉદ્યોગસાહસિકતા અને વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે ચર્ચા થઈ હતી.

કાર્યક્રમમાં સ્વચ્છતા, દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકાયો હતો. 'વોકલ ફોર લોકલ'ના મંત્રને આગળ વધારી સ્થાનિક કારીગરો, નાના અને કુટિર ઉદ્યોગો પાસેથી ખરીદી કરવા અપીલ કરાઈ હતી.

## નવજીવન સાયન્સ કોલેજમાં ભારતીય જ્ઞાન પરંપરા વિષયક સેમિનાર



**IKSના** પાયાના સિદ્ધાંતો અંગે 70 વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) દાહોદ તા.25

નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદ ખાતે ગુરુવાર, તા. 22 ઓક્ટોબર, 2026ના રોજ ભારતીય જ્ઞાન પરંપરા (Indian Knowledge Systems - IKS) વિષય પર વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો હતો. ડૉ. રુચિતા પટેલે 'IKS Foundations' વિષય પર વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ભારતીય જ્ઞાન પરંપરાના પાયાના સિદ્ધાંતો અને તેના મહત્ત્વ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સેમિનારમાં આશરે 70 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિષયને સમજવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ગૌરાંગ જે. ખરાડીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં ડૉ. નિલેશકુમાર વાઘેલા, ડૉ. કે. જે. મહેતા અને અંજલી ભાભોરે સહયોગ આપ્યો હતો.

### કૂતરા સાથે અકસ્માત બાદ વિવાદ ઉગ્ર બન્યો

## ઉબેર ગામે યુવક પર પાઈપ-ચાકુથી હુમલાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.25



જંબુસર તાલુકાના ઉબેર ગામે કૂતરા સાથે અકસ્માતની સામાન્ય બાબતે થયેલો વિવાદ ઉગ્ર બનતાં વિજયભાઈ પરમાર પર લોખંડના પાઈપ અને ચાકુથી હુમલો કરાયો હોવાના આક્ષેપ થયા છે. હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

પરિવારના જણાવ્યા મુજબ, વિજયભાઈના પગમાં ત્રણ ફ્રેક્ચર થયાં છે અને આંખના ભાગે પણ ગંભીર ઈજા પહોંચી છે. તેમની સ્કોર્પિયો કારને ભારે નુકસાન થયું હોવા ઉપરાંત કારમાં રાખેલા રૂ. 4 લાખ ગુમ થયાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે પરિવારજનોએ ઉબેર ગામના ડેપ્યુટી સરપંચના પતિ ભરતભાઈ ભૈલાલભાઈ ઠાકોર, મહેશભાઈ ઠાકોર, હરમાન ઠાકોર સહિતના શખ્સો સામે આક્ષેપો કર્યા છે. સરપંચ જયંતીભાઈ અંબાલાલ પઢિયારની ભૂમિકા અંગે પણ સવાલો ઉઠાવ્યા છે. પરિવારે પોલીસ કાર્યવાહીને લઈને નારાજગી વ્યક્ત કરી છે. લેખિત રજૂઆતો છતાં કેટલીક વિગતોનો યોગ્ય ઉલ્લેખ ન થયો હોવાનો આક્ષેપ કરતાં તેમણે ન્યાયની માગ કરી છે.